April 2017

# પાટણ પ્રતિબિંબ

# PATAN PRATIBIMB

Year 11 ● Issue 6 / 123
● Mumbai ● Page 12 ● Price Rs. 2/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 22811346 ● 22811218 ● Mobile: 9167902267 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી...



ગત માસ અનેક સુખદ સંભારણાનો મહિનો ગણી શકાય તેવા કાર્યો અને કાર્યક્રમો થયા.

આપણો પાટણ સમાજ સુશિક્ષિત, સુસંસ્કૃત અને સખાવતની ભાવના ધરાવતો સમાજ છે તેનેજ પરિણામે આજથી લગભગ ૭૫ વર્ષ અગાઉ શ્રી ખુબચંદ સરૂપચંદ શાહની ઉદારતાભરી માતબર સખાવત તથા સંસ્થાના હોદ્દેદારોની દીર્ઘ દ્રષ્ટિ તેમજ સમાજ માટે કંઈક કરી છૂટવાની ઉત્તમ ભાવના સાથે મરીનડ્રાઈવ જેવા વિસ્તારમાં 1 BHKના સેલ્ફ કન્ટેઈન્ડ બ્લોક સાથેના મકાનોનું નિર્માણ કરવામાં આવેલ. આપણી સંસ્થાનું મુખ્ય કાર્યાલય પણ આજ મકાનમાં કાર્યરત છે.

છેલ્લા થોડા વર્ષોથી સંસ્થાના મરીનડ્રાઈવ સ્થિત બે મકાનના રહીશોની જગ્યાના નામ ટ્રાન્સફર કરવાનો પ્રશ્ન અનિર્ણીત હતો. લાંબા સમયથી ચાલતા સંવાદને અંતે આ પ્રશ્નનું સુખદ નિરાકરણ થયું છે, તેનો સમાજના સર્વે સભ્યોને આનંદ છે. સંસ્થાના ટ્રસ્ટી મંડળ, મેનેજીંગ કમિટિના સભ્યો તેમજ Extra Ordinery General bodyની મિટિંગના સભ્યોએ દરેક તબક્કે સર્વાનુમતે ઠરાવ પસાર કરી આપણા સમાજના સભ્યોએ ‘સમજદારીનું ઉદાહરણીય દ્રષ્ટાંત પૂરું પાડ્યું છે. આ પ્રશ્નનું નિરાકરણ લાવવા સંસ્થા દ્વારા મારા સહીત ત્રણ સભ્યોની સમિતિનું ગઠન કરેલ જેમાં શ્રી જે.કે. શાહ તેમજ શ્રી તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહ પણ સામેલ હતા. **શ્રી જે.કે. શાહ અને શ્રી તુષાભાઈએ આપેલ યોગદાન બદલ હું આ બન્ને મહાનુભવોનો અંતઃકરણથી આભાર માનું છું.** તેમજ રહીશોએ રાખેલ સંયમ અને સમજદારી બદલ તેઓને બીરદાવું છું.

ગત વર્ષ પૂર્વે આવીજ સમજદારી અને સંવાદથી આપણે પાટણ મુકામે કૉલેજ શરૂ કરવાનો નિર્ણય સર્વ સંમતિથી લઈ શક્યા હતા. તે વખતે પણ દાતાઓ સાથેના સંવાદમાં શ્રી તુષારભાઈની મધ્યસ્થી અતિ મહત્વની રહી હતી. આમ આ બન્ને નિર્ણયો જે રીતે લેવાયા એજ સર્વ સંમતિની પરંપરા ભવિષ્યમાં પણ ચાલતી રહે, એજ અભ્યર્થના.

મહાદેવાજીની શેરીના શ્રીમતી અમીબેન તથા શ્રી નિખીલભાઈ તરૂણભાઈ શાહના **સુપુત્ર મુમુક્ષુ ચિ. સાહિલભાઈ સંસારના સુખોને ત્યાગી મોક્ષ** મેળવવાના માર્ગે મહાભિનિષ્ક્રમણ કરવા તત્પર બનેલ

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૩)

## From President's Desk...

With the events and accomplishments, last month can be considered to be a month of innumerable happy remembrances.

Our well-educated and highly cultured Patan community is also one with a charitable inclination as expressed through the generous actions of Shri Khubchand Saroopchand Shah 75 years ago. This, along with the foresight of our officials, led to the creation of 1 BHK homes in the Marine Drive area, wherein is situated the main office of our institute.

For the last few years, the question of name transfer of block with regards to the 2 buildings at Marine Drive has been one without a clear solution. It gives me great pleasure to inform you that this long-drawn dialogue has finally reached a happy conclusion.

This insightful decision involved the unanimous consensus of our Trustees, Managing Committee, as well as the Extraordinary General Body at every stage.

For this purpose, we formed a committee of three members comprising of **Shri J. K. Shah, Shri Tusharbhai Praveenchand Shah, and myself. I am thankful to them** both for taking time out of their busy schedule to aid with the betterment of our community in this purpose. I am also thankful to the residents for their immense patience, deep understanding and great wisdom at every step for achieving the success for this humongous task.

It was through this same spirit of understanding and unanimous consensus that is present throughout our community that led to the decision of opening a college in Patan the year before last. During that time as well, Shri Tusharbhai acted as an effective mediator in the dialogue with the donors, playing a pivotal role in the important decisions. With God's grace, I hope that this tradition of unanimity continues well into the future.

Furthermore, Smt. Amiben and Shri Nikhilbhai Tarunbhai Shah's son, Shri Sahilbhai, belonging to Mahadevji's Sheri is preparing to renounce the world, and embark upon the path to moksha. We are grateful to

(Cont'd on Pg 3)

# મુમુક્ષુ સાહિલ અભિવાદન સમારોહ



મુમુક્ષુ ચિ. સાહિલ, દાદા તરૂણભાઈ, પ્રમુખ શ્રી દિનેશભાઈ, ટ્રસ્ટીશ્રી રમેશભાઈ તથા માનદ્‌મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ

ધનની આશા પોતે જ આ સંસારરૂપી ઝેરી વૃક્ષની એવી છાયા છે કે જે અત્યંત ભયાનક મૂર્ચ્છાને પેદા કરાવે છે. પાગલ બનાવે છે. જાણે કે એવો બેભાન કરી દે છે કે સંસારમાં માણસને ધન સિવાય કાંઈ દેખાતું નથી. ધનને મેળવવાની આશામાં બંધાયેલો માનવ માતા-પિતા-પત્ની-પુત્ર-પરિવારની કાળજી લેવાનું, તેમને સમય આપવાનું, તેમની સાથે જીવન માણવાનું પણ વિસરી જાય છે. અરે! પોતાના પ્રાણ પ્યારા શરીરની કાળજી લેવાનું પણ ચૂકી જાય છે. **''હાય પૈસા, હાય પૈસા'' ની લેશ્યામાં સ્વના જીવનને બરબાદ કરે છે.**

આ સંસારમાં રાગ કરવા જેવું છે શું ? ચારે બાજુ નજર કરશું તો જણાશે કે ક્યાંક કોઈની પાસે ધનના પુષ્કળ ઢગલાં છે, તો ક્યાંક રાતી પાઈ પણ નથી? આવી જાત-જાતની વિષમતાઓથી ભરેલાં આ સંસારમાં આનંદ પામવા જેવું છે શું ? લલચાવા જેવું છે શું ?

આ એવો સંસાર છે કે જેમાં પાંચે ઈન્દ્રિયોના વિષયોની તીવ્ર ઈચ્છાઓરૂપી કામ, આત્માના ગુણોરૂપી પૃથ્વીને ખોદ્યા જ કરે છે, પરિણામે ગુણો જીવનમાંથી વિદાય લે છે. મનમાં સતત ખરાબ પરિણામો ડગલે ને પગલે થાય છે કે જેના કારણે ક્યાંય જીવને શાંતિ મળતી નથી. જે મનના ભાવોને અશુભ કર્યા વિના રહેતા નથી.

આ સંસારમાં રહેલાં સગા-સ્વજન-સંબંધીઓને શું આપણે હજુ જાણ્યા નથી? શું લાગે છે? બધાને ખરેખર આપણા પ્રત્યે નિર્ભેળ-નિર્મળ પ્રેમ છે, એવું માનવા મન તૈયાર છે ખરું ? જાતને પૂછો તો ખરા! સૌ સ્વાર્થના જ સગાં છે? આ સઘળી સંસારની અસારતાને ચિ. સાહિલે અલ્પવયે પામી, રમત-ગમત અને અભ્યાસની કહેવાતી ડીગ્રીઓની દોટમાં જોડાયા વિના પ્રભુએ ચિંધ્યા સંયમ માર્ગે પગરવ માંડવા કૃતનિશ્ચયી બન્યા છે, **મુમુક્ષુ ચિ. સાહિલને બિરદાવવાનો એક સમારંભ શ્રી પાટણ જૈન મંડળ અને અન્ય સંસ્થાઓ દ્વારા બુધવાર, તા. ૨૯-૩-૨૦૧૭ના શ્રી પાટણ જૈન મંડળ સભાગૃહ ખાતે યોજાયેલ.**

આ પ્રસંગે સૌ પ્રથમ મંડળના **પ્રમુખશ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ** દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવેલ, ત્યારબાદ મંડળના ટ્રસ્ટી શ્રી ભદ્રકુમાર મણીલાલ શાહ દ્વારા તિલક, ટ્રસ્ટી શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી દ્વારા શ્રીફળ અર્પણ કરી તથા ઉપપ્રમુખ શ્રી યશવંતભાઈ હરીલાલ ઝવેરી દ્વારા માળા પહેરાવી મુમુક્ષુ સાહિલનું મંડળ તરફથી અભિવાદન કરવામાં આવેલ.

આ પ્રસંગે મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઈ તથા ઉપપ્રમુખો શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ, શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ દ્વારા સન્માનપત્ર અર્પણ કરવામાં આવેલ, જેનું વાંચન મંડળના માનદ્‌મંત્રી-એડમીનીસ્ટ્રેશન શ્રી અશ્વીનભાઈ પનાલાલ શાહ દ્વારા કરવામાં આવેલ.

શ્રી મહાદેવાજી પાર્શ્વનાથની શેરી તરફથી મુમુક્ષુ સાહિલને શ્રી અશ્વીનભાઈ, શ્રી નરેન્દ્રભાઈ, શ્રી હરેશભાઈ, શ્રી રમેશભાઈ, શ્રી નિતિનભાઈ, શ્રી પંકજભાઈ, શ્રી દિલીપભાઈ વગેરે દ્વારા સન્માનપત્ર, માળા તથા શ્રીફળ અર્પણ કરવામાં આવેલ.

શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ વતી **શ્રી નરેન્દ્રભાઈ બાબુલાલ શાહ, પાટણ કૉ.ઓપરેટીવ બેન્ક લિ. વતી ચેરમેન શ્રી દિનેશભાઈ, ડાયરેક્ટરો શ્રી યશવંતભાઈ મહાસુખલાલ શાહ, શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ, શ્રી પાટણ પાંજરાપોળ વતી શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ, શ્રી યશવંતભાઈ હરીલાલ ઝવેરી, શ્રી શૈલેષભાઈ સેવંતીલાલ શાહ તથા શ્રી મરીનડ્રાઈવ જૈન પાઠશાળા વતી ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ જેશીંગલાલ શાહ** દ્વારા અનુક્રમે સાહિલનું અભિવાદન કરવામાં આવેલ.

આ પ્રસંગે **મુમુક્ષુ ચિ. સાહિલના માતા-પિતા શ્રી નિખીલભાઈ તરૂણભાઈ શાહ તથા શ્રીમતી અમીબેન નિખીલભાઈ શાહ** દ્વારા અમારા કુળનું નામ રોશન કરવા બદલ તેને બિરદાવવામાં આવેલ.

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૩)



મંડળવતી સન્માન પત્ર અર્પણ કરતા પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી દિપકભાઈ તથા શ્રી દાનેશભાઈ



શ્રી મહાદેવાજી પાર્શ્વનાથની શેરી વતી સન્માનપત્ર અર્પણ કરતા અશ્વિનભાઈ તથા અન્ય હોદ્દેદારો

## પ્રમુખસ્થાનેથી... (અનુસંધાન પૃષ્ઠ પહેલાથી ચાલુ)

છે તેની અનુમોદનાર્થે યોજાયેલ કાર્યક્રમમાં સહભાગી થનાર સર્વે સંસ્થાઓના હોદ્દેદારો તેમજ તેમના પરિવારજનો પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવે છે. સાથોસાથ સંયમ માર્ગે વિચરી ધર્મ આરાધના - પ્રભાવના કરતા નજદિકના ભવોમાં જ મુમુક્ષુ સાહિલભાઈ મોક્ષને વરે તેવી શુભકામના.

શ્રી પાટણ જૈન મંડળે **સમાજ ઉત્કર્ષ ફંડ** માટે સમાજમાં નાખેલ ટહેલના અનુસંધાનમાં પ્રાપ્ત થયેલ ભંડોળ, સમાજના જરૂરિયાતવાળા પરિવારોને તેમના દ્વારા ભરીને અપાયેલ સર્વેક્ષણ ફોર્મની ચકાસણી કર્યા બાદ આર્થિક સહાય તરીકે આપવામાં આવેલ છે. હજુ કેટલાંક પરિવારોને સ્વાવલંબી બનવા સ્વરોજગાર નિર્માણ કરી આપવાની માંગણીને ધ્યાનમાં લઈ ચાલુ માસમાં તેઓને વાર્તાલાપ પશ્ચાત આર્થિક સહયોગ આપવામાં આવશે.

❑ **દિનેશ શાંતિલાલ શાહ**

(મુમુક્ષુ સાહિલ... અનુસંધાન પૃષ્ઠ ૨ થી ચાલુ)

શ્રી પ્રફુલભાઈ કાંતિલાલ શાહ દ્વારા સાહિલનો સંયમ પ્રત્યેના અનુરાગ બાબત સવિસ્તાર જણાવેલ તેમજ તેના અભિવાદન માટે યોજેલ સમારંભ બદલ સંસ્થાના હોદ્દેદારો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી.

આ પ્રસંગે જ્ઞાનેશ લાપસીયા, શ્રીમતી મીનાબેન મહેન્દ્રભાઈ ભગવાનદાસ શાહ (બાંકા), શ્રી વિજયભાઈ જયંતિલાલ શાહ તથા શ્રી નિતિનભાઈ રમણલાલ પટણી દ્વારા પણ મુમુક્ષુ સાહિલની અનુમોદના કરવામાં આવી હતી. માનદ્‌મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ દ્વારા કાર્યક્રમનું સંચાલન રસપ્રદ શૈલીમાં કરવામાં આવેલ.

અંતમાં મુમુક્ષુ સાહિલ દ્વારા વ્યવસાયને સફળ બનાવવા અંગે જેમ ૪ (P) પ્રોડક્ટ, પ્રાઈસ, પરચેસ અને પોપ્યુલેશન - આવશ્યક છે તેવી જ રીતે સંયમ માર્ગને ઉજ્જવાળવા પણ ૪ (P) પ્રસન્નતા, પવિત્રતા, પ્રેમ અને પાત્રતાની જરૂર છે તે અંગે સુંદર મનનીય વક્તવ્ય આપેલ.

• • •

## FROM PRESIDENT'S DESK...(Cont. from Page 1)

all those who attended the celebrations as well as their families for participating in this momentous decision. Our best wishes are with Shri Sahilbhai as he begins upon the path of spiritual liberation, dedicating himself to the further learning of the religion.

The Fund generated from the scheme of Shree PJM **"Samaj Utkarsh Fund"** have been in the distribution Pipeline after the verification process of the applicants. Regarding the applications for self employment aid, the help will be proceeded after the interview process for the same.

❑ **Dinesh Shantilal Shah**

## "અનુમોદના"

'ભગવાન બધે પહોંચી શકતો નથી માટે એણે માનું સર્જન કર્યું છે. ભગવાનને ભજવાથી મા નથી મળતી પણ, માતાને ભાવથી ભજવાથી ભગવાન અવશ્ય મળે છે.' તે ઉક્તિને સાર્થક કરતા શ્રી મુકેશ લલિતભાઈ તથા તેમની પત્ની ચેતનાબેને **માતુશ્રી સુલોચનાબેનની યાદગીરીમાં** **'માતુશ્રી સુલોચના આરાધના ભવન કોકાનો પાડો ઉપાશ્રય'નો** લાભ લીધેલ છે તેની અનુમોદના.

મહા સુદ દસમ, તા. ૬-૨-૨૦૧૭ના રોજ કલાપૂર્ણ સૂરીશ્વરજી સમુદાયના મહાત્મા પૂ. દિવ્યરત્ન વિજયજી અને પૂ. અમિત્ય યશ વિજયજી તથા સાધ્વીજી પૂ. ચીત્તપ્રસન્નશ્રીજી મ.સા.ના સાનિધ્યમાં ધામધૂમપૂર્વક ચતુર્વિધ સંઘની હાજરીમાં ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન થયું હતું. આગલા દિવસે સવારે ચારૂપથી પાટણ પહોંચ્યા ત્યારે કોકાનાપાડાના ટ્રસ્ટીઓ શ્રી બીપીનભાઈ, શ્રી મુકેશભાઈ, શ્રી જયેશભાઈ તથા મહોલ્લાવાસીઓએ ઢોલ-નગારા તથા ચોખાથી વધાવીને સ્વાગત કર્યું હતું. બપોરે સિદ્ધિચક્રપૂજન, રાત્રે ભાવના, સંધ્યાભક્તિ વિગેરેનું સુંદર આયોજન કર્યું હતું. રાત્રે ભાવના પછી લકી ડ્રો. હાઉઝી વિગેરે ગેમો રમાડવામાં આવેલ.


**અતિથિગૃહ**

- KKKના અતિથિગૃહમાં ૪ બ્લોક તથા શ્રી શીતલ શાંતિભવન ખાતેના ત્રણ બ્લોકોની વ્યવસ્થા છે.
- આ દરેક બ્લોકમાં એસી, ટીવી તથા ગરમપાણી સહીત અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ છે.
- નવકારશી, બપોરના જમવા સાથે ચઉવિહારની સગવડ છે.
- પાટણ દર્શનની વ્યવસ્થા કરી આપવામાં આવશે.

**KKK અતિથિગૃહ બુકીંગ માટે સંપર્ક :**
કનાસા કલ્યાણ કેન્દ્ર પાટણ - 02766-224720
જનક બાબુભાઈ શાહ - 09323115714
કમલ બાબુભાઈ શાહ - 09820063762

**શ્રી શીતલ શાંતિભવન બુકીંગ માટે સંપર્ક :**
શરદ પટવા - પાટણ- 02766 220040
શૈલેષ કેશવલાલ શાહ - 09821023693

# કનાસા કલ્યાણ કેન્દ્ર

પાટણ : 02766-224720 • મુંબઈ: જીતુભાઈ - 022-32053690 • જયેશભાઈ - 099-203-85597

**નવા વર્ષની મેમ્બરશીપ - ખાસ આકર્ષણ**

કનાસા કલ્યાણ કેન્દ્ર સફળતાપૂર્વક ૧૨ વર્ષ પૂર્ણ કરી ૧૩માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. **ત્યારે સૌ પ્રથમ ૧૨ માસના લવાજમ રૂા. ૨૫૦૦/- રાખવામાં આવ્યા છે, જેમાં એપ્રિલ-૧૭ થી માર્ચ-૧૮ સુધીમાં દર ૨ મહિને ૧ ડીલીવરી એમ કુલ ૬ ડીલીવરી ઘર પહોંચ કરવામાં આવશે.**

**ખુશખબર : દરેક ડીલીવરીમાં એક કોમ્પ્લીમેન્ટરી ગિફ્ટ આપવામાં આવશે.**

આપના કુટુંબીજનો, સગાં-વહાલા તથા મિત્રોને અવશ્ય મેમ્બર બનાવવા પ્રયત્ન કરશો. ફોર્મ તથા પૈસા નીચે જણાવેલ વ્યક્તિઓ પાસે જમા કરાવશો.

| | | | |
|---|---|---|---|
| Walkeshwar Dehrasar<br>Meenaben - 9833271499 | Marine Drive<br>Deepakbhai - 9820522936 | Kalbadevi Road<br>Janakbhai - 9323115714 | Gowalia Tank<br>Kamalbhai - 9820063762 |
| Pydhonie / Nagdevi<br>Shaileshbhai - 9821023693 | Juhu / Vile Parle<br>Pravinbhai - 9820244026 | Vile Parle<br>Daneshbhai - 9930891985 | Santacruz / Vile Parle<br>Pankajbhai - 9820322648 |
| Andheri<br>Niranjanbhai - 9819280255 | Malad/Kandivali/ Borivali/Dahisar<br>Bipinbhai - 9324621637 | Goregaon<br>Jitubhai - 022-32053690 / 7498115528 | Vile Parle Sales Centre<br>Jayeshbhai - 9920385597 |

ADVT

## તંત્રી સ્થાનેથી...

# ઝાઝા હાથ રળિયામણા

આપણે સૌ વિચારતા તો હોઈએ છીએ કે સત્કાર્યો કરવા છે, પરંતુ સમય શક્તિ અને સાધનોના અભાવે કાર્યની શરૂઆત કેવી રીતે કરશું એવા પ્રશ્ન ઉભા થતાં હોય છે. આવા પ્રશ્નોના ઉત્તરમાં ''સબકા સાથ સમાજ કા વિકાસ'' સૂત્રને યથાર્થ કરતી નીચે જણાવેલ બોધ કથા, સત્કાર્ય કરવાના સંકલ્પને પ્રાપ્ત કરવા સૌ માટે પ્રેરણારૂપ છે.

એક માણસ લાંબા પ્રવાસે નીકળ્યો હતો. પ્રવાસ દરમિયાન એક દિવસ વધારે પડતા પરિશ્રમથી ભૂખ અને થાકથી વ્યથિત થઈ એક નાના સરખા ગામમાં પહોંચ્યો. એક ઘરમાં મહિલા પાસેથી ખાવા માગ્યું, પેલી સ્ત્રીએ કહ્યું: 'માફ કરજો. મારે ત્યાં તમને ભોજન માટે આપવા કશું જ નથી.' પછી તેણે દરવાજો બંધ કરી દીધો. ત્યાંથી નિરાશ થઈને એ મુસાફર આગળ વધ્યો.

ભટકતા ભટકતા મુસાફર પોતાની દશાની વાત અનેકને કરી પણ ક્યાંયથી ખાવાનું પ્રાપ્ત થયું નહીં. છેવટે એ મુસાફરને એક વ્યક્તિનો ભેટો થયો જેણે કહ્યું, 'ભોજન નથી પણ સરસ મજાનું પાણી છે!' મુસાફરના મગજમાં ચમકારો થયો. તેણે કહ્યું: 'પાણી છે ને ? એ તો ઘણું કહેવાય! તમે મને પાણી આપો. એમાંથી આપણે સૂપ બનાવી શકીશું. મારી પાસે એક જાદુઈ પથ્થર છે. પાણીમાં એ જાદુઈ પથ્થર રાખવાથી સરસ સૂપ બને છે. તમે મને એક વાસણ અને પાણી આપો.' તેણે ઘરની બહાર થોડા લાકડા ભેગા કરી ચૂલો બનાવી એના પર પેલું પાણી ઉકાળવા મૂક્યું. આસપાસના લોકો ભેગા થઈને જોવા લાગ્યા કે તે શું કરે છે ?

વાસણમાં પાણી બરાબર ઉકળી ગયું એટલે પેલા પ્રવાસીએ એના થેલામાંથી એક પથ્થર બહાર કાઢ્યો અને વાસણમાં મૂક્યો. લોકો પૂછવા લાગ્યા કે, વાસણમાં પથ્થર કેમ મૂક્યો ? તો તેણે કહ્યું - હું 'સ્ટોન સૂપ' બનાવું છું. (પથ્થરનો સૂપ બનાવું છું).!

એક વ્યક્તિએ પૂછ્યું 'આનો સ્વાદ કેવો હોય ?' પ્રવાસીએ કહ્યું - 'થોડો વિશિષ્ટ લાગે. પણ બહુ જ સ્વાદિષ્ટ હોય છે.' બીજાએ પૂછ્યું - આમાં પથ્થર ઉપરાંત બીજી કોઈ વસ્તુ ઉમેરાય ખરી ? પેલા પ્રવાસીએ ભારે સ્વસ્થતાથી કહ્યું - 'બીજી વસ્તુઓ ઉમેરીએ તો સ્વાદ અનેક ગણો વધી જાય.' આ સાંભળી ત્યાં ઊભા રહેલા લોકો પોત-પોતાના ઘરે દોડ્યા અને ત્યાંથી જુદા જુદા શાકભાજી લઈ આવ્યા. આ બધું પેલા 'સ્ટોન સૂપ'માં ઉમેરવામાં આવ્યું. થોડીવારમાં તો સરસ મજાનો સૂપ બની ગયો. જે વાસણમાં પહેલા પાણી અને પથ્થર સિવાય કંઈ નહોતું. તેમાં વિવિધ શાકભાજી અને મરીમસાલા પણ ઉમેરાઈ ગયા પછી તો એ સ્વાદિષ્ટ બને જ ને..! વાસ્તવમાં પેલો પથ્થર કોઈ જાદુઈ કે ચમત્કારિક પથ્થર હતો જ નહીં! પેલા પ્રવાસીની આ તો એક યુક્તિ હતી. પણ એણે મોટું કામ કર્યું. અનેક માણસોના સહિયારા યોગદાનથી બધાને સ્વાદિષ્ટ સૂપ પીવા મળ્યો.

'સ્ટોન સૂપ ફોર ધ વર્લ્ડ' પુસ્તકમાંથી લેવાયેલો આ પ્રસંગ ખૂબ પ્રેરણાદાયી છે. 'મેરીઅન લાર્નેડ' દ્વારા સંપાદિત ઉપર્યુક્ત પુસ્તક સંદેશો આપે છે કે, જો આપણે બધા યથાશક્તિ થોડું પણ યોગદાન કરીએ તોયે ઘણું થઈ રહે. **'એક અકેલા થક જાયેગા, મીલ કર બોજ ઉઠાના, સાથી હાથ બઢાના....'**

❑ **સંપાદક સમિતિ**


**MATRIMONIAL**

| | |
|---|---|
| Name | : ADITYA BHARATKUMAR SANDESARA |
| Parents | : Ketkiben & Bharatkumar Rasiklal Sandesara |
| DOB | : 24th Jan. 1991, Height : 184 cms |
| Education | : B.Com, I.B.M. (Diploma) |
| Profession | : Distributor in Harshital Paper Co. Aditya & Aditya |
| Residence | : Shital Baug, Ahmedabad. |
| Contact | : 9429631675 E-mail : adityamfu@gmail.com |

ADVT

**શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**
ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- • સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**
**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/- • દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.
**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.
**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે.
એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે.
આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.
**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**
**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ •**

ADVT

## Eco & Soc Upliftment Committee

In continuation of our Team efforts to EMPOWER Patani community Economically & Socially, we Invite Patani Experts in various fields of Business, Skills & Services where they have achieved the better heights of success, to help & grow fellow mates of the community. Our initiative is to establish Network within Patanis for their economical development where they get the respected Social standings in the society.

We have few areas where our Patani's can be supported and groomed,

1. New start ups
2. Vocational Education in India & Abroad
3. Entrepreneur Development
4. Traditional Marketing
5. Online Marketing
6. Banking and Financial Services
7. Soft Skills developement
8. Health & Fitness
9. Wealth Preseveration, Creation and Enhancement
10. Import / Export

In the current fast changing Scenerio Strategies and Tech Upgradationessential to meet the daily affairs of business & practices to grow & develop. We APPEAL such experts to share their expertise to empower self esteemed & economically stronger.

Kindly write/Talk to **Nikhil Banker** (Secretary Eco & Soc) **9820043058** or **Devesh Shah 9869333716** for your willingness to join the movement.

We look forward in a near future for the session with such experts & young Patanis.

❑ **Eco & Soc Upliftment Commttee**

## PJM 3rd Trade Fair

With over whelming response and success of Past Trade Fairs we happily announce 3rd Trade Fair on **Sunday, 10th September, 2017 at Sahara Star Saphire Hall, Vile Parle (E)** with better ambience and 26000 Sq.fts Space. Block your dates for the Participation and visit. More details will be followed in the next month Partibimb.

## શ્રી પાટણ જૈન મંડળ ત્રીજો ટ્રેડફેર

આગળના ટ્રેડફેરની ઝળહળતી સફળતા અને અદમ્ય ઉત્સાહને જોતા અમને ત્રીજા ટ્રેડફેરની સહૃદય જાહેરાત કરતા આનંદ થાય છે. **રવિવાર, દિનાંક ૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૭ સહારા સ્ટાર, સેફાયર હોલ, વિલેપાર્લે (ઈ).** વધારે રોચક વાતાવરણ અને ૨૬૦૦૦ સ્કે.ફીટની વિશાળ જગ્યા.

તમારી હાજરી અને ભાગીદારીને અગાઉથી બ્લોક કરી લેશો. ટ્રેડફેરની વધુ વિગતો આવતા મહિનાના પ્રતિબિંબમાં વિગતવાર જાહેર થશે.

❑ **Eco & Soc Upliftment Commttee**


## પ્લોટ વેચવાનો છે

કુમારપાળ સોસાયટી, માર્કેટ યાર્ડની બાજુમાં,
૧૨૫ વારનો પ્લોટ, દેરાસરની બાજુમાં.
**પુના: જયંતિલાલ બાપુલાલ શાહ**
મોબાઈલ નં. : 9822794403
**પાટણ : શ્રી ઠક્કર એજન્ટ**
મોબાઈલ નં. : 9825160875 (પાટણ) ADVT



## શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોન (૦૨૭૬૬)૨૨૦૨૦૩ ટ્રસ્ટ રજી. નં. ઈ-૩૯૯

શ્રી પાટણ પાંજરાપોળ દ્વારા જીવદયા અંતર્ગત ''પશુદત્તક યોજના''ની નાખેલ ટહેલને ઉત્કૃષ્ટ પ્રતિસાદ આપી પુણ્યનું ભાથું બાંધનાર સર્વે દાતાઓની ઉપર આ અબોલ જીવોની આશિષ વર્ષા સતત વરસી રહેલ છે. ૧૦૦ થી વધુ પશુઓને દત્તક લેનાર દાતાઓની નામાવલી અત્રે પ્રગટ કરવાની સાથોસાથ તેઓ સર્વે પ્રતિ આભાર માનવામાં આવે છે.

**દાતાઓની નામાવલી**

| | | |
|---|---|---|
| બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વર જૈન ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ - વાલકેશ્વર | શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી | શ્રીમતી કલ્પનાબેન નિરંજનભાઈ અમૃતલાલ શાહ પરિવાર |
| શ્રી મહેશભાઈ નેમચંદ શાહ (અપૂર્વ) | શ્રી હિતેનભાઈ પ્રવીણભાઈ ઝવેરી | શ્રી પ્રકાશભાઈ કનુભાઈ શાહ |
| શ્રી આશિષભાઈ દિપકભાઈ ચંપકલાલ ઝવેરી | શ્રી ઉષાબેન જશવંતલાલ રસિકલાલ શાહ | શ્રી રાજેશભાઈ હિમ્મતલાલ શાહ |
| શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ | શ્રી મીતીનભાઈ ચંપકલાલ શાહ | શ્રી રાકેશભાઈ નરેન્દ્રભાઈ શાહ |
| શ્રી ચીનુભાઈ ચંપકલાલ શાહ | શ્રી નૈલેશભાઈ કીર્તિલાલ ચોક્સી | શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ અંબાલાલ |
| શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ | શ્રી નરેશભાઈ નવનીતલાલ શાહ | સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ |
| શ્રી દિપકભાઈ રેવંતિલાલ શાહ | શ્રી નિશિદભાઈ બી. શાહ | શાંતિલાલ પોપટલાલ ટ્રસ્ટ |
| શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ | શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ | શ્રી શ્રેણિકભાઈ મનહરલાલ |
| બાબુ હર્ષ નરેન્દ્રભાઈ વિજયકુમાર | શ્રી પંકજભાઈ પનાલાલ શાહ | શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ શાહ |

ADVT

## Details for corpus and sahay for Education

| | 2016-17 | | | |
|---|---|---|---|---|
| **Funds & Donors' Name** | **Corpus Rs.in Lacs** | **Applications Received** | **Requirement Rs.in Lacs** | **Sanction R.in Lacs** |
| **Pre Primary**<br>Maulik-Divyabalaben<br>Navinchandra Shah Fund | 25.00 | 9 | 1.03 | 0.54 |
| **Std. I to IV**<br>Smt. Lilavati Khoobchand<br>Sarupchand Shah Fund | 10.18 | 32 | 5.15 | 1.72 |
| **Std.V to Graduation & Text book**<br>1 Sevantilal Kantilal Trust Fund<br>2 Shri Deepakbhai Champaklal Zaveri Fund<br>Text book | 100.07<br><br>15.00<br> | 106<br><br><br>15 | 18.84<br><br><br>0.23 | 9.58<br><br><br>0.15 |
| **Higher Education Books**<br>Shri Vadilal Chunilal Shah Fund | 10.50 | 4 | 0.16 | 0.15 |
| **Post Graduation Education**<br>Shri Amrutlal Mulchand Shah Fund | 10.51 | 8 | 3.40 | 1.07 |
| **Information Technology**<br>Shri Pankaj Chandrakumar<br>Manilal Zaveri (Saheba) Fund | 7.56 | 2 | 1.38 | 0.65 |
| **Computer Education**<br>Shri Popatlal Bhikachand Zaveri Fund | 8.50 | 5 | 1.98 | 1.06 |
| **Vocational Courses**<br>Smt.Hasumatiben Rameshchandra<br>Bapulal Shah Fund | 25.11 | 5 | 1.77 | 1.14 |
| **Buisness & Management**<br>Shri Jagdishbhai Manilal Sanghavi Fund | 15.00 | 6 | 6.60 | 1.35 |
| **Post-Graduation Merit Scholarship**<br>Keshavlal Kilachand Charitable Trust Fund | 2.00 | 3 | - | 0.30 |
| **Tutorials Class Education**<br>1 Shri Yashvadan Jesinglal Choksi Fund<br>2 Smt.Kusumben Rasiklal Himatlal Shah Fund | <br>8.03<br>25.11 | 32 | 13.21 | 4.28 |
| **C.A.** | - | 5 | 1.47 | 1.09 |
| **Company Secretary** | - | | | |
| **Finance** | - | 4 | 1.64 | 0.62 |
| **Engeeniring**<br>Smt. Gunvantiben Pravinchandra<br>Kesrichand Shah Fund | 25.11 | 20 | 16.74 | 5.69 |
| **Womens Udhyam Talim**<br>Smt. Nirmalaben Shantilal<br>Rikhavchand Shah Fund | 11.78 | 1 | 0.45 | 0.25 |
| **Hostel** | - | 3 | 2.76 | 0.75 |
| **Medical Education**<br>Pramodbhai Bhogilal Uttamchand Zaveri Fund | 25.00 | 3 | 3.15 | 1.35 |
| **Shikshan Sahay Fund Mandal** | 117.02 | | | |
| **Grand Total** | **441.48** | **263** | **79.96** | **31.74** |
| **Revolving Fund ( Education ) Loan** | 169.90 | 17 | - | 22.60 |

# Details for corpus and sahay for Medical

| | 2016-17 | | | |
|---|---|---|---|---|
| **Funds & Donors' Name** | **Corpus Rs.in Lacs** | **Applications Received** | **Requirement Rs.in Lacs** | **Sanction Rs.in Lacs** |
| **Medical Relief**<br>Smt.Sudhaben Pannalal Chudgar Fund | 45.00 | 103 | 34.43 | 15.01 |
| **Medicine Relief**<br>Shri Pravinchandra Keshrichand Shah | 61.11 | 366 | 13.10 | 8.52 |
| **Mother & Child Health Care**<br>Smt. Subhadraben Vrajlal Ambalal Shah Fund | 9.3 | 6 | 5.48 | 1.93 |
| **Pediatric Treatment**<br>Smt Madhurika Narendra Shah Fund | 16.00 | 1 | 10.70 | 1.10 |
| **Neurological Treatment**<br>Smt.Sushilaben Kantilal Nagardas Shah Fund | 5.51 | 13 | 21.89 | 3.31 |
| **Kidney Treatment**<br>Shri Champaklal Mafatlal Chudghar Fund | 19.00 | 10 | 2.50 | 1.72 |
| **Cancer Treatment**<br>1. Jabhalawala Pariwar Fund<br>2. Shri Kirtilal Somchand Shah Fund<br>Cancer Fund General Mandal Fund | <br>22.64<br>8.01<br>0.50 | <br>10 | <br>11.00 | <br>4.25 |
| **Cancer Surgery**<br>Shri Chandrakumar Manilal Uttamchand Zaveri (SAHEBA) Fund | 11.11 | 2 | 2.33 | 0.87 |
| **Eye Check-up**<br>Smt. Maniben Amrutlal Jeshinglal Shah (Pattni Opticians) Fund | 7.06 | 16 | 3.07 | 1.56 |
| **Heart Care Treatment**<br>1. Shri Ramanlal Popatlal Shah Charitable Trust Fund<br>2. Smt Subhadraben Ramanlal Shah Charitable Trust Fund | <br>49.06<br>10.11 | <br>55 | <br>14.03 | <br>7.40 |
| **Mediclaim Policy Premium Reimbersement**<br>1. Shri Bhogilal Chunilal Jhaveri Fund<br>2. Shri Devchand Nagardas Zaveri Fund<br>Mediclaim Fund General Mandal | <br>15.0<br>11.0<br>1.11 | <br>443 | <br>21.51 | <br>8.80 |
| **Mediclaim Florter Policy**<br>Smt. Shardaben Babubhai Kalidas Shah | 56.75 | - | - | - |
| **Orthopedic Treatment**<br>Smt. Kalavati Kantilal Mafatlal Chudgar Fund | 10.29 | 1 | 0.08 | 0.05 |
| **ENT Treatment**<br>Smt. Gulabben Ramanlal Nagindas Shah Fund | 25.00 | - | - | - |
| **Diabetes**<br>Shri Ramanlal Popatlal Shah Charitable Trust Fund | 7.51 | 30 | 3.78 | 2.08 |
| **Dialyses**<br>Nirmalaben Ravindrabhai Mohanlal Shah Fund | 23.00 | 2 | 0.16 | 0.11 |
| **Dental Surgery**<br>Shri Harsukhlal Bapulal Shah & Rasilaben Harsukhlal Shah Fund | 25.00 | 10 | 1.50 | 0.67 |
| **Investigation & Diagnosis**<br>1. Smt Subhadraben Ramanlal Shah Charitable Trust Fund<br>2. Shri Ramanlal Popatlal Shah Charitable Trust Fund | <br>5.51<br>5.51 | <br>62 | <br>4.50 | <br>2.92 |
| **Medical Fund General Mandal** | 116.28 | | | |
| **Total** | **566.37** | **1130** | **150.06** | **60.30** |

## Social Upliftment Corpus Fund and Relief - 2016-17

| Funds & Donors' Name | Corpus Rs.in Lacs | Application in Nos. | Sanction Rs.in Lacs |
|---|---|---|---|
| **Aarthik & Bhada Sahay** | | | |
| 1. Smt Motiben Manilal Vadilal Zaveri Fund | 18.94 | 58 | 6.25 |
| 2. Smt. Hansaben Rameshchandra Chabildas Jhaveri Fund | 29.00 | | |
| **Bhada Sahay** | - | 96 | 2.72 |
| **Mandal Fund** | **35.38** | | |
| **Total** | **83.32** | **154** | **8.97** |
| **Mahila Utkarsh Sahay** | | | |
| Late Kanchi Jatinkumar Zaveri (Saheba) Fund | 14.52 | 51 | 5.78 |
| **Mandal Fund** | **3.30** | | |
| **Total** | **17.82** | **51** | **5.78** |
| **Senior Citizen Sahay** | | | |
| 1. Shri Kesarichand Jesinglal Shah Fund | 20.67 | 115 | 13.39 |
| 2. Smt Kantaben Chimanlal Shah Fund | 7.50 | | |
| 3. Smt. Kalaben Laxmichand Zaveri Fund | 7.50 | | |
| **Mandal Fund** | **69.34** | | |
| **Total** | **105.01** | **115** | **13.39** |
| **Viklang Utkarsh Sahay** | | | |
| 1. Shri Alkesh Bhadrakumar Memorial Trust Fund | 9.05 | | |
| 2. Shri Pannalal Mafatlal Chudgar Fund | 11.70 | | |
| 3. Smt.Niruben Sevantilal Dalpatchand Shah Fund | 7.62 | | |
| **Mandal Fund** | **69.13** | **25** | **5.06** |
| **Total** | **97.50** | **25** | **5.06** |
| **Grand Total** | **303.65** | **345** | **33.2** |


**ફક્ત જૈનો માટે**

**1 BHK ૬૦૦, દેરાસર + સ્કુલ નજીક, ૨૪ કલાક પાણી**

**બિલ્ડીંગ એ/૨૩, ચોથો માળ, રતન નગર, આંબાવાડી,**

**શ્રી પાટણ જૈન મંડળ બિલ્ડીંગ, બોરીવલી (ઈ),**

**ભાડેથી આપવાનો છે.**

**સંપર્ક : પંકજભાઈ શાહ મો. : 7045021058**

ADVT

**ESTATE AGENT**

**Residential - Commercial - Industrial**

Sangita M. Shah : 9920775880

Arvind M. Shah : 9819635577

7/24, Joy Ashiana, 1st Floor, Juhu Scheme,
1st Road,Vile Parle (W), Mumbai - 400056

ADVT

**શ્રી પાટણ વર્ધમાન તપ આયંબીલ સંસ્થાની**

સામાન્ય સભા તા. ૨૦-૦૫-૨૦૧૭ના રોજ શનિવારે રાત્રે આઠ વાગે નીચે જણાવેલ કામકાજ માટે મળશે.

- સંસ્થાના બંધારણ અને ધારાધોરણ મુજબ વ્યવસ્થાપક સમિતિના ૭ સભાસદોની તેમજ ટ્રસ્ટીઓની ચૂંટણી કરવી.
- બીજુ મંત્રીઓ રજુ કરે તે.

**તા.ક. કોરમના અભાવે મુલતવી સભા તેજ સ્થળે અડધા કલાક બાદ મળશે.**

તા. ૧૫-૪-૧૭ સુધી કોરપસ ફંડ, શાશ્વતી ઓળીના લાભાર્થીઓ, કાયમી તીથી તથા ફોટો યોજનાના સર્વે દાતાઓએ સમયસર પધારવા વિનંતી.

**ચૂંટણી કાર્યક્રમ : ફોર્મ લઈ જવાની તારીખ**

**તા. ૮-૫-૨૦૧૭ થી તા. ૧૦-૫-૨૦૧૭**

**ફોર્મ ભરીને પરત આપવાની છેલ્લી તારીખ તા. ૧૩-૫-૨૦૧૭**

**ફોર્મ પાછુ ખેંચવાની છેલ્લી તારીખ તા. ૧૫-૫-૨૦૧૭**

**ફોર્મ મેળવવાનું સ્થળ : ૭૮/૪, મરીનડ્રાઈવ, મુંબઈ - ૨૦.**

પ્રમુખ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ

મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ શાંતિલાલ શાહ

ADVT

## અભિનંદન

■ **Shanay** Son of Khushbu & Mehul Paresh Hiralal Shah, - Chaudhari ni Sheri - Walkeshwar is Studying in **NSS Hillspring International School - Tardeo,** age - 15 Years, he has been a part of the MUN CLUB in his school and has attended many inter school conferences for the same and recently was a part of the delegation sent from his school to **CHINA** to attend **Hmun - Harvard Model United Nations Conference.**

He was a part of a specialised committee called **Captains of American Industries** and was representing **Alexander Graham Bell** from **Bell Telephone Company.** He was debating with students coming from all over the world representing high class individuals from the 1980's 4 day conference and was awarded with a **"Honourable Mention Certificate"** recognising his hard his ability to debate over global issues and geo-politics.

■ શ્રીમતી તરૂણાબેન તથા મહેન્દ્રભાઈ નેમચંદ ગુંદરવાલા (વાસુપૂજ્યની શેરી)ના દોહિત્ર **જીજ્ઞાબેન તથા કમલભાઈ ઓઝાના સુપુત્ર ચિ. આહાન્ (ઉં.વ. ૯)** વર્ષ ૨૦૧૬-૧૭માં મહારાષ્ટ્રસ્ટેટ કુડો ચેમ્પયનશિપ - ૬, મુંબઈ ઈન્ટર સ્કુલ સ્પોર્ટસ કુડો ટુર્નામેન્ટ - ૧૫, મુંબઈ મેયર કપ કુડો ચેમ્પયનશિપ - ૪, મેન્ટલ મેથ્સ કોમ્પીટીશન, ઓલ ઈન્ડિયા ઓપન મેથેમેટીક્સ સ્કોલરશિપ એક્ઝ ામીનેશન તથા કલા સારથી આર્ટ ફાઉન્ડેશન, **રામક્રિષ્ણ મીશન, મુંબઈ દ્વારા સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિ નિમિત્તે યોજાયેલ આંતર સ્કુલ હરીફાઈમાં ગુજરાતી વક્તૃત્વ સ્પર્ધા** ઈત્યાદિમાં ભાગ લઈ વિવિધ પારિતોષિકો, સર્ટીફિકેટ તથા મેડલ પ્રાપ્ત કર્યા છે. **ચિ. આહાન્** વિલેપાર્લાની જમનાબાઈ નરસી શાળાના પાંચમાં ધોરણમાં અભ્યાસ કરે છે. સંસ્થા ચિ. આહાન્‌ને હાર્દિક અભિનંદન તથા ભવિષ્યમાં વધુ સફળતા મેળવે તેવી શુભેચ્છા પાઠવે છે.

■ **શ્રીમતી ધારીણી અને સચીન પરેશભાઈ ઝવેરીના સુપુત્ર ચિ. માહીર** (ઝવેરી વાડો), વિલેપાર્લા દ્વારા જમનાબાઈ સ્કુલના રીપબ્લીક ડે સમારંભમાં ગુજરાતીમાં વક્તૃત્વ આપેલ, જે પ્રસંશીય બની રહેવા પામેલ અને **રામક્રિષ્ણ મીશન, મુંબઈ દ્વારા સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિ નિમિત્તે યોજાયેલ આંતર સ્કુલ હરીફાઈમાં ગુજરાતી વિષય ઉપર તેમજ અંગ્રેજી વિષય ઉપર વક્તૃત્વ આપવા તેની પસંદગી થવા પામેલ.**

આ પસંદગીને ચિ. માહીરે ખરેખર સાર્થક બનાવી અને જુનિયર બોયસ ગ્રુપમાં **ગુજરાતીમાં દ્વિતિય** તથા **અંગ્રેજીમાં તૃતિય ક્રમાંક** મેળવી સ્કુલનું નામ રોશન કરવા સાથે પરિવારનું અને પાટણનું નામ પણ શોભાવેલ છે તે બદલ અભિનંદન. **વક્તૃત્વ ક્ષેત્રે ચિ. માહીર તેમની માતુશ્રી ધારીણીની માફક ખીલે-ખુલે તેવી શુભકામના.**

■ ઝવેરી વાડો, નેપિયન સી રોડ સ્થિત **શ્રીમતી અદિતીબેન તથા શ્રી મીહીરભાઈ કમલેશભાઈ જીવણલાલ ઝવેરીની** ડી.વાય.પાટીલ સ્કુલ (વર્લી)માં અભ્યાસ કરતી **સુપુત્રી કુ. અમીરા** Mumbai Schools Sports Association (Mssa)ની **ટેબલ ટેનીસ ટુર્નામેન્ટની અન્ડર ૧૦ કેટેગરીમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરી** સ્કુલનું તેમજ સંસ્થાનું નામ રોશન કર્યું છે, તે બદલ અભિનંદન. **કુ. અમીરા** જીવનના દરેક ક્ષેત્રમાં આવી સિદ્ધિ હાંસલ કરી પાટણને ગૌરવ અપાવે તેવી શુભેચ્છા!

## તમસ... ઓજસ એકમેકના પૂરક સમાન

ઓજસથી જ નિત્ય તમસ તરફ જવાય,
પુનઃ તમસ જ ઓજસ તરફ લઈ જાય...
ઓજસમાં રવિ તાપે દિનભર ડીલે પ્રસવેદ રેલાય,
તમસ આગમને શશિધરની શિતળતા અનુભવાય...
નિત્ય અનુષ્ઠાનો ભલે ઓજસે જ આયોજાય,
પણ તમસે તો જિનબિંબ રૂડી આંગીએ શોભાય...
ઓજસે આકાશની આગોશમાં જઈને જે લપાય,
તમસ આગમને તે તારલીયા ઝગમગતા દેખાય...
ઓજસ આવતા પરિવારજનોથી વિખુટા પડાય,
તમસ આવતા જ પુનઃ ઘરે મિલનોત્સવ ઉજવાય...
ઓજસે ભલે તિથી, જયંતિ કે ઉત્સવો મનાવાય,
નવરાત્રી, હોળી અને દિવાળી તો તમસે જ ઉજવાય...
ઓજસ અને તમસ વચ્ચે આમજ જિંદગી જીવાય,
ભક્તિ કરી બન્ને કાળે મન તૃપ્તિ જ અનુભવાય...
ઓજસને આત્મિય ને તમસને ઓરમાન માની ન લેવાય,
તમસ ને ઓજસ તો એકમેકના પુરક જ ગણાય...!

**નોંધ:** ઓજસ = અજવાળુ, તમસ = અંધકાર,
અનુષ્ઠાનો : જૈન ધાર્મિક પ્રસંગો ❑ **જ્ઞાનેશ જયચંદ લાપસીયા**

## પાટણ નગરપાલિકા જાહેરાત

પાટણ શહેર વિસ્તારમાં મિલ્કત ધારણ કરતા મિલકતદારોને જણાવવાનું કે સને ૨૦૧૭/૧૮ની સાલમાં મિલકતવેરો, પાણીવેરો, ગટરવેરો તથા અન્ય વેરા માહે એપ્રિલ-૨૦૧૭માં ભરવાના થાય છે. પાટણના જૈન પરિવારો મુંબઈ તેમજ અન્ય શહેરોમાં વસવાટ કરે છે, તેમના ઘરના મિલકત વેરા ભરવાના બાકી હોય તેઓ આપની મિલ્કતના મ્યુ.સે.નં. (ઘર નંબર) લખી શ્રી ચીફ ઓફીસર, પાટણ નગરપાલિકાના નામનો, એકાઉન્ટ પે નો ચેક અથવા રોકડ રકમ ભરી જવા. તેમજ કોઈની મિલ્કત વેરા સામે વાંધો સૂચન હોય તો તા. ૧૫-૪ થી ૧૪-૫-૨૦૧૭ સુધી નામ, સરનામા, મ્યું. સે. નં., મોબાઈલ નંબર સાથે અરજી કરવાની રહે છે. મુદત સિવાયની વાંધા સૂચનો માન્ય રાખવામાં આવશે નહીં.

એપ્રિલ માસમાં તથા માંગણા બીલો મળ્યાના એક માસમાં તમામ વેરો ભરપાઈ કરનાર ને મિલકતવેરામાં ૧૦% વળતર આપવામાં આવે છે અને માંગણા બીલો મળ્યાના ત્રણ માસ પછી મિલ્કતવેરો નહીં ભરનારને વાર્ષિક ૧૮% દંડકીય વ્યાજ વસુલ કરવામાં આવશે. ❑ **પાટણ નગર સેવા સદન**

## સંસ્થા સમાચાર

■ **વર્ધમાન તપ આયંબીલ સંસ્થા પાટણ ખાતે** ચાલુ સાલે આયંબીલની ઓળીમાં ૩૦૦ આરાધકો જોડાયેલ સંપૂર્ણ ઓળીની આરાધના **પં.પ્ર.શ્રી નીરૂપમ સાગર મ. સા. તથા પૂન્ય શેખર મ.સા.ની** નિશ્રામાં થયેલ. રોજ સવારે ચૈત્યપરીપાટી, બપોરે વ્યાખ્યાન તથા શ્રીપાળ રાજાનો રાસ રહેતો. ઓળીના પારણા નિમિત્તે સિદ્ધચક્ર પૂજન, મહાવીર જન્મ કલ્યાણક પ્રસંગે ભવ્ય શોભાયાત્રા પણ યોજાયેલ તેમજ આ સર્વે અનુષ્ઠાનોનો સંપૂર્ણ લાભ મણીયાતી પાડાના શ્રી કીર્તિલાલ અમૃતલાલ શાહ (સાંપ્રાવાળા) તથા શ્રી હીરાલાલ જીવણદાસ શાહ (સાંપ્રાવાળા) પરિવાર દ્વારા લેવામાં આવેલ.

■ **શ્રી પંચાસરા પાર્શ્વનાથ શ્રુત આરાધક મંડળ** ઠે.: ચંપકલાલ કે. શાહ ૨-૨ મેકર એપાર્ટમેન્ટ, ૨૩૨, વાલકેશ્વર રોડ, મુંબઈ - ૪૦૦૦૦૬ મો. ૯૮૨૧૧૬૮૪૮૫ આ વખતના વર્ષ ૨૦૧૭ના વૈશાખ સુદ ૩ના પારણા હોય તેમને સંસ્થા તરફથી પ્રભાવના આપવાની છે, તેઓએ પોતાના નામ, સરનામા અને મોબાઈલ નં. સાથે ઉપરના સરનામે જણાવવા વિનંતી છે. સાથે તેને સંઘની ચીઠ્ઠી મોકલાવવી જરૂરી છે.

■ **મણીયાતીપાડાના શ્રી આદેશ્વર ભગવાનની સાલગીરી વૈશાખ વદ, ૧૦ને રવિવાર, તા. ૨૧-૫-૨૦૧૭ના** રોજ **શ્રી ચંદ્રપ્રભુ દેરાસર, મહાસુખ ભવન ઉપાશ્રય, પાર્લા (વે), મુંબઈ - ૫૬** ખાતે રાખવામાં આવી છે. શ્રી પંચકલ્યાણકની પૂજા સવારે ૧૦.૩૦ વાગે ભણાવવામાં આવશે, ત્યારબાદ બપોરે ૧૨.૩૦ કલાકે મહોલ્લાના ભાઈઓ તેમજ બહેનો તથા આમંત્રિતોની સાધર્મિક ભક્તિ રાખવામાં આવી છે.

આ સાલગીરી પ્રસંગે મહોલ્લાની પરણેલી દીકરીઓ તેમજ તેમના કુંવારા પુત્રો - પુત્રીઓ આવી શકશે.

આપશ્રીના ઘરમાથી કેટલા સભ્યો પૂજામાં આવવાના છે તેની જાણ નીચેના કાર્યકર્તાઓને તા. ૧૫-૫-૨૦૧૭ સુધીમાં જણાવી દેવા.

- ૦ શ્રી ભુપેન્દ્રભાઈ કાંતિલાલ શાહ મો. ૯૮૬૯૦૦૦૯૩૨
- ૦ શ્રી નવનીતલાલ મણીલાલ શાહ મો. ૯૩૨૨૨૧૭૧૧૪
- ૦ શ્રી વિક્રમભાઈ રસિકલાલ શાહ મો. ૯૮૨૦૭૬૪૭૦૪
- ૦ શ્રી વિપુલભાઈ વિરેન્દ્રભાઈ નગરશેઠ મો. ૯૮૨૦૯૨૩૮૮૬
- ૦ શ્રી કમલેશભાઈ ચંપકલાલ શાહ મો. ૯૮૨૦૦૪૫૫૯૫

## અભિનંદન

■ **બોમ્બે ડાયમંડ મર્ચન્ટ એસોશિયેશન BKC દ્વારા તાજેતરમાં સને ૨૦૧૭-૧૮થી સને ૨૦૧૯-૨૦ માટે યોજાયેલ ચૂંટણીમાં** ઉભારહેલ કુલ ચાર ઉમેદવારોમાંથી આપણા સમાજના મારફતિયા મહેતાના પાડાના મંડળના **ઉપ પ્રમુખ શ્રી રોહિતભાઈ મહાસુખલાલ શાહ** સર્વાધિક એટલે કે ૨૨૦૦થી વધુ મત મેળવી પ્રથમ સ્થાને આવી ઉપ પ્રમુખ પદે ચૂંટાયેલ છે, તે બદલ હાર્દિક અભિનંદન.

**શ્રી રોહિતભાઈ** વિવિધ સંસ્થાઓ સાથે જોડાઈ વિવિધ હોદ્દાઓ ઉપર સેવાઓ આપી પ્રસંશનિય કાર્યો કરી રહેલ છે.




# Patan Arogya Yojana

[ Only for the benefit of the A/c holders of Patan Co-op. Bank Ltd.]



Family Definition : Account Holder of Bank + Spouse + 2 Dependent Children + 2 Parents/Parents in Law

Premium*: Option 1 : Rs. 10,270/- Option 2 : Rs. 14,257/-

Age Limit: Minimum : 18 Years. Maximum : 80 Years

Sum Insured: Option 1 : Rs. 3,00,000/- Option 2 : Rs. 5,00,000/-

Free Personal Accident Cover

### Benefits

- **"No waiting "**for pre existing diseases. All diseases covered from day 1
- **"No medical check up"** on entry
- **"No sub limit"** on any ailment - except maternity
- **"Room Rent (Per Day)"** 1% of Sum Insured in case of normal room & 2% of Sum Insured in case of ICU
- **Co-pay - "20% co-pay"** only on parental claim
- **Maternity** – Also covered without **any waiting period** (coverage amount normal 35000 and C-section 55000 – up to a maximum of 2 kids)
- **New Born Baby** – covered from day 1
- **"30 days pre & 60 days post"** hospitalization covered.
- Both **"cashless & reimbursement"** options available
- **"All day care"** procedures covered
- **Ambulance charges** – INR 2000 Per hospitalization
- **Free Personal Accident cover** - for the account holder without any additional cost

* Premium for subsequent years may vary depending on the overall claim ratio during the year.
For further inquiries please contact Patan Bank Branches as under:

**Marine Drive**
Monday to Wednesday
10:30 am to 01.:30 pm
04:00 pm to 05.30 pm

**Goregaon**
Thursday
10:30 am to 01:30 pm
04:00 pm to 05:30 pm
Friday
10:00 am to 02:00 pm

**Nagdevi**
Friday
04:00 pm to 06:00 pm
Saturday
11:00 am to 04:00 pm

ADVT

## વિવિધ સહાય મેળવવા માટેની અગત્યની સૂચના

સમાજના આર્થિક જરૂરિયાતવાળા કુટુંબો માટે એપ્રિલ-૨૦૧૬થી માર્ચ - ૨૦૧૭ના વર્ષ માટે મંડળમાંથી આર્થિકસહાય, ભાડા સહાય, વૃદ્ધજન સહાય અને મહિલા ઉત્કર્ષ સહાયના અરજીપત્રકો આપવાનું શરૂ થઈ ગયેલ છે. જે અરજીપત્રક સંપૂર્ણ વિગત સાથે ૧૦ જૂન, ૨૦૧૭ સુધીમાં ભરીને નીચે મુજબના સરનામે મોકલી આપવાના રહેશે. દરેક 'સર્વે ફોર્મ' અરજી પત્રક સાથે ભરીને આપવું જરૂરી છે.

આ અરજીપત્રકો સમયસર ભરાઈને આવેથી નવા વર્ષની મંજુર થયેલ સહાય તમારા બૅન્ક ખાતામાં ECSની સુવિધાથી ટ્રાન્સફર કરવામાં આવશે.

સહાય લેનારનું (૧) બૅન્ક ઓફ બરોડા (૨) પાટણ કો.ઓ.બૅન્ક લિ. અને (૩) ગ્રેટર બૅન્ક, આ ત્રણ બૅન્કમાંથી કોઈપણ એક બૅન્કમાં ખાતું હોવું ફરજિયાત છે. અરજીપત્રક સાથે એક કેન્સલ ચેક ફરજિયાત મોકલવાનો રહેશે.

નોંધ : અધૂરી વિગતોવાળું અરજીપત્રક પર ધ્યાન આપવામાં આવશે નહીં.

### અરજીપત્રક મેળવવાના સ્થળો

(૧) શ્રી પાટણ જૈન મંડળ - મુખ્ય કાર્યાલય : ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦.
ફોન : ૨૨૮૧૧૩૪૬ / ૨૨૮૧૧૨૧૮

(૨) શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય : એ-૨૩/૧, રતનનગર, દીપ નારાયણ દુબે માર્ગ, બોરીવલી (ઈ), મુંબઈ -૪૦૦૦૬૮. ફોન : ૨૮૯૧૧૩૦૮

(૩) શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય : રૂપમ, ૧૫૨, જવાહર નગર, ગોરેગામ (વે), મુંબઈ - ૪૦૦૦૬૨.
ફોન : ૨૮૭૭૬૦૯૦

(૪) શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય : શેઠ પ્રમોદકુમાર કેશવલાલ અતિથિગૃહ, પીપળા શેરી, પાટણ - ૩૮૪૨૬૫.
ફોન : (૦૨૭૬૬)૨૨૦૭૧૫

(૫) શ્રી નિલેશ કાન્તિલાલ શાહ : પટ્ટણી એજન્સી, ૭/૧૦/બી, સર્વોદય એપાર્ટમેન્ટ, નારાયણ નગર, ભાયંદર (વે).
ફોન : ૨૮૧૮૧૮૬૧ મો. ૯૩૨૧૧૫૦૧૬૦

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

### ભૂલ સુધાર



❑ મંડળના ૧૦૩માં વાર્ષિક અહેવાલમાં પાના નં. **બાવનમાં** ફોટા નીચે અન્ય નામ શરતચૂકથી છપાયેલ છે. જે **શ્રીમતી દમયંતિબેન નવીનચંદ્ર શાહ (વખારનો પાડો)** વાંચવા વિનંતી.

❑ પાના નં. ૪૩માં **શ્રીમતી મૃદુલાબેન પ્રફુલભાઈ શાહનું** નામ પણ વાંચવા વિનંતી.

### પૂર્વ પ્રાથમિક શિક્ષણ સહાય - સવલત

જગતભરમાં શિક્ષણનો વ્યાપ સતત વધતો જતો હોય જેના પાયારૂપે પ્લેગ્રુપ, નર્સરી, જુનિયર અને સિનિયર કેજી જેવા અભ્યાસક્રમોના શિક્ષણના વધતા જતાં શૈક્ષણિક ખર્ચાઓ માટે સમાજના છ વર્ષ સુધીના ઉપરોક્ત અભ્યાસક્રમોમાં જોડાયેલ બાળકોને શિક્ષણ ફીમાં સહાયભૂત થવાની ભાવના સાથે પ્રાપ્ત થયેલ સખાવતના પરિણામે **શ્રી મૌલિક - દિવ્યબાળા નવીનચંદ્ર શાહ પૂર્વ પ્રાથમિક શિક્ષણ સહાય ફંડ** સાકાર થવા પામેલ છે. જેનો સમાજના આર્થિક જરૂરિયાતવાળા બાળકોના પરિવારોએ અવશ્ય લાભ લેવા વિનંતી.

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| દશા શ્રીમાળી | નિશાળનો પાડો | ડૉ. સુભાષ હવસીલાલ શાહ | ૭૨ | કાંદિવલી | ૨૦-૦૩-૨૦૧૭ | ફાગણ વદ-૦૭ |
| દશા ઓસવાલ | ખડાખોટડીનો પાડો | પ્રભાવતીબેન ચીનુભાઈ શાહ | ૭૨ | કાંદિવલી | ૨૪-૦૩-૨૦૧૭ | ફાગણ વદ-૧૧ |
| વિશા શ્રીમાળી | વાસુપૂજ્યની શેરી | પ્રકાશભાઈ સારાભાઈ શાહ | ૬૩ | વાલકેશ્વર | ૨૬-૦૩-૨૦૧૭ | ફાગણ વદ-૧૩ |
| વિશા શ્રીમાળી | શાંતિનાથની પોળ | દમયંતિબેન હિંમતલાલ પાલેજવાળા | ૮૮ | વિલેપાર્લા | ૨૯-૦૩-૨૦૧૭ | ચૈત્ર સુદ-૦૨ |
| સાંડેસરા | લીમડીનો પાડો | મફતલાલ જેસંગલાલ સાંડેસરા | ૯૫ | બોરીવલી | ૩૦-૦૩-૨૦૧૭ | ચૈત્ર સુદ-૦૩ |
| વિશા શ્રીમાળી | પોળની શેરી | જયકુમાર (બચુભાઈ) પ્રેમચંદ શાહ | ૭૫ | બોરીવલી | ૩૧-૦૩-૨૦૧૭ | ચૈત્ર સુદ-૦૪ |
| વિશા પોરવાળ | સિદ્ધચક્રની પોળ | ચંદ્રેશભાઈ ઈન્દ્રવદન સંઘવી | ૫૯ | ફોર્ટ | ૦૪-૦૪-૨૦૧૭ | ચૈત્ર સુદ-૦૮ |
| દશા ઓસવાલ | ચૌધરીની શેરી | પદ્માબેન કેવંતીલાલ શાહ | ૮૨ | ગોરેગામ | ૧૦-૦૪-૨૦૧૭ | ચૈત્ર સુદ-૧૪ |
| વિશા ઓસવાલ | ખડાખોટડીનો પાડો | જ્યોતિબેન અનિલકુમાર શાહ | ૬૫ | ભાયંદર | ૧૧-૦૪-૨૦૧૭ | ચૈત્ર સુદ-૧૫ |

* ચક્ષુદાન કરેલ છે ✵ દેહદાન કરેલ છે ● ત્વચાદાન ✚ અંગદાન * * દેહદાન કરો અને કરાવો **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

Postal Regd. No. MCS / O84 / 2015-17 W.P.P. License No. MR/TECH/WPP-120/South /2016.
PATAN PRATIBIMB ● April 2017 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

## સાભાર સ્વીકાર

**એસ. કે. કૉલેજ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી**

૬૦,૦૦,૦૦૦/- સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)

**પ્રદિપ કૉલેજ ઓફ કોમર્સ અને મેનેજમેન્ટ**

૩૦,૦૦,૦૦૦/- શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ શાહ તથા શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપકુમાર શાહ (કુંભારીયા પાડો)

**વસુમતી સેવંતીલાલ કૉલેજ ઓફ આટર્સ, માસમીડીયા એન્ડ ફેશન ડિઝાઈનીંગ**

૪૦,૦૦,૦૦૦/- શ્રી સેવંતીલાલ અંબાલાલ શાહ પરિવાર (ચિતારાની ખડકી)

**પાટણ શતાબ્દિ ગૌરવ ફંડ (રત્ન સ્થંભ દાતા)**

૧૧,૦૦,૦૦૦/- ડૉ. જશવંતલાલ મણીલાલ શાહ (ભાભાનો પાડો)
૧૧,૦૦,૦૦૦/- શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ (મલ્લાતનો પાડો)
૧૦,૦૦,૦૦૦/- જે.કે. ફાઉન્ડેશન (ભાભાનો પાડો) રમણલાલ શાહ (પ્રદિપકુમાર એન્ડ કું.) ચેરીટેબલ ટ્રસ્ટ
૪,૦૦,૦૦૦/- શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ શાહ (કુંભારીયા પાડો)
૩,૦૦,૦૦૦/- શ્રી નરેશભાઈ નવનીતલાલ શાહ (ભાભાનો પાડો)

**શ્રીમતી નિરૂબેન સેવંતીલાલ દલપતચંદ શાહ પ્રાયમરી સ્કુલ ફંડ**

૭,૫૦,૦૦૦/- શ્રી સંવંતીલાલ દલપતચંદ શાહ (શાંતિનાથની પોળ)

**રીવોલ્વીંગ (એજ્યુકેશન) ફંડ**

૫,૦૦,૦૦૦/- કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ફંડ (કુંભારીયા પાડો)

**સમાજ ઉત્કર્ષ કોરપસ ફંડ**

૩,૦૦,૦૦૦/- શ્રી સેવંતીલાલ ભગવાનદાસ ઝવેરી (કનાસાનો પાડો)
૩,૦૦,૦૦૦/- શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ (મલ્લાતનો પાડો)
૩,૦૦,૦૦૦/- શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ શાહ (કુંભારીયા પાડો)
૧,૨૫,૦૦૦/- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) (કનાસાનો પાડો) હ. શ્રી બિન્દ્રાબેન ધીરેનભાઈ શાહ
૧,૦૦,૦૦૦/- શ્રી દિનેશભાઈ પોપટલાલ શાહની સ્મૃતિમાં હ. શ્રીમતી નિરંજનાબેન દિનેશભાઈ શાહ (કનાસાનો પાડો)

**શિક્ષણ સહાય કોરપસ ફંડ**

૧,૨૫,૦૦૦/- સ્વ. શ્રીમતી મંજુલાબેન ચિમનલાલ શાહ (શાંતિનાથની પોળ) હ. તેમના ભાણેજો તથા ભાણી

**મેડીકલ સહાય કોરપસ ફંડ**

૧,૦૦,૦૦૦/- શ્રીમતી વિમળાબેન કાંતિલાલ મણીલાલ પરિવાર (ખેતરવસી, મહાદેવાની શેરી) તરફથી ચિ. સાહિલના દીક્ષા મહોત્સવ પ્રસંગે હ. શ્રી અરવિંદ કાંતિલાલ, શ્રીમતી ગુણવંતીબેન (ગીતાબેન) અરવિંદભાઈ, શ્રી અલ્પા, શ્રી અતુલ, શ્રી પ્રીતિ U.S.A.

**આર્થિક સહાય ભેટ**

૧,૫૦,૦૦૦/- શ્રી મરીનડ્રાઈવ જૈન સાધર્મિક ફાઉન્ડેશન

**સિદ્ધહેમ જ્ઞાન ભેટ**

૧,૦૦,૦૦૦/- શ્રી યશવંતલાલ હરીલાલ ઝવેરી (સિદ્ધચકની પોળ)

**સમાજ વિકાસ**

૪૦,૦૦૦/- શ્રી અનીલભાઈ મહાસુખલાલ શાહ (કનાસાનો પાડો)

**શિક્ષણ સહાય ભેટ**

૫,૦૦૦/- શ્રી જશ નિમીશભાઈ સાલવી (સાલવીવાડો) જન્મ દિવસની ખુશાલીમાં

### કોલેજ પ્રવેશમાં ઉપયોગી માઈનોરીટી અથવા ગુજરાતી હોવાનું સર્ટીફીકેટ

સમાજના એસ.એસ.સી./એચ.એસ.સી. માં પાસ થનાર વિદ્યાર્થીઓને કોલેજમાં પ્રવેશ મેળવવા માટે મુંબઈની કેટલીક શાળા-કોલેજોમાં ગુજરાતી હોવા અંગેનું ગુજરાતી સર્ટીફીકેટ અથવા માઈનોરીટી સર્ટીફીકેટની જરૂરત રહે છે. તેના અનુસંધાનમાં શ્રી પાટણ જૈન મંડળમાં પુરૂ નામ, સરનામું, પાટણનો મહોલ્લો, જ્ઞાતિ વિ. વિગતોસહ અરજી કરનાર પાટણ સમાજના વિદ્યાર્થી ભાઈ-બહેનોને ઉપરોકત સર્ટીફીકેટ તુરતજ આપવામાં આવે છે. તો જરૂરતમંદ પરિવારોએ વહેલી તકે અરજી સાથે મંડળના મુખ્ય કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતી.

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.
**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,